# નરેન્દ્ર મોદી પ્રજાના ચોકીદાર નહી ભ્રષ્ટાચારના ભાગીદાર : રાહુલ

## પાલનપુરમાં વિશાળ માનવમેદનીને સંબોધી કોંગ્રેસના વિજય માટે વિશ્વાસ વ્યક્ત કર્યો

પાલનપુર, તા. ૧૨ ભાજપના પ્રદેશ અધ્યક્ષના પુત્રએ રૂપિયા ૫૦ હજારને ૮૦ કરોડમાં કેવી રીતે બદલી નાખ્યા, મુખ્યમંત્રી વિજય રૂપાણીની કંપનીના સ્ટોક એક્ષચેંજના મુદ્દે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેમ જાહેરમાં વાત કરતા નથી. એનો મતલબ એવો થાય છે કે, તેઓ પ્રજાના ચોકીદાર નહી પણ ભ્રષ્ટાચારના ભાગીદાર છે. આ મુદ્દે તેમણે મેં નહી બોલુંગા ઓર ન બોલને દુંગા ની નિતી અપનાવી રહ્યા છે. ત્યારે ગુજરાતની પ્રજા હવે છેલ્લા બાવીસ વર્ષના ભાજપના શાશનથી ત્રાસી ગઈ છે. અમે સત્તામાં આવીશુ તો મનની વાત નહી કહીએ પણ લોકો પાસે જઈ તેમના મનની વાત સાંભળીશુ. ડિસેમ્બરમાં કોંગ્રેસનો વિજય નક્કી જ છે. તેમ પાલનપુર ખાતે રવિવારે યોજાયેલી સભામાં વિશાળ માનવ મેદનીને સંબોધતાં કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ જણાવ્યું હતુ.

અંબાજી ખાતે મા અંબાના દર્શન કરી મિડીયા સેલને સંબોધ્યા બાદ રાહુલ ગાંધીએ દાંતામાં લોકોને સંબોધ્યા હતા. જ્યાંથી બપોરના સુમારે પાલનપુર ખાતે રામપુરા ચોકડી સ્થિત જાહેર સભામાં આવી પહોચ્યા હતા. જ્યાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત માનવ મેદનીને સંબોધતાં રાહુલ ગાંધીએ જણાવ્યું હતુ કે, ગુજરાતમાં છેલ્લા બાવીસ વર્ષના ભાજપના શાશનથી પ્રજાજનો ત્રાહિમામ પોકારી ગયા છે. આજે સ્થિતિ એવી છે કે, દરેક સમાજના લોકો આંદોલન કરી રહ્યા છે. બનાસકાંઠામાં પુર આવ્યું ત્યારે સરકારે ૫૦૦ કરોડની સહાય જાહેર કરી હતી. જે સાચા અસરગ્રસ્ત સુધી પહોચ્યા જ નથી. માત્ર ભાજપના લોકોને સહાય અપાઈ છે. કોંગ્રેસની સરકારે મનરેગા માટે રૂપિયા ૩૫ હજાર કરોડ ફાળવ્યા હતા. જેનાથી લોકોને રોજીરોટી મળી હતી. પરંતુ ભાજપની સરકારે તો ટાટા નેનોની ફેકટરી માટે પ્રજાના એટલા જ નાણાં ઉધોગપતિને આવી દીધા છે. હું વીસ દિવસથી ગુજરાતમાં છુ પણ હજુ સુધી હાઈવે ઉપર એક પણ નેનો ગાડીને ફરતી જોઈ નથી. આવા તો પાંચથી દસ ઉધોગપતિઓ તેમના મિત્રો છે. જેઓ ચુંટણી વખતે તેમને મદદ કરે છે. જે ટેલિવિઝન ઉપર તમે જોઈ શકો છો. તેમના કરોડો રૂપિયા માફ કરવામાં આવે છે. પણ ગુજરાતના ખેડૂતોનું દેવું માફ કરવામાં આવતું નથી. અત્યારે શિક્ષણનું ખાનગી કરણ કરી દીધુ છે. ગરીબ – મધ્યમ વર્ગના પરિવારનો યુવક રૂપિયા દસ લાખ ખર્ચીને મેડીકલ કે એન્જીનિયરીંગનો અભ્યાસ કરી શકતો નથી. ચીન બે દિવસમાં એક





### કોણ શુ બોલ્યું

**અલ્પેશ ઠાકોરે રાજ્યના મંત્રીને હરાવવા ખુલ્લી ચેલેન્જ આપી**

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોરે રાજ્યના આરોગ્યમંત્રી શંકર ચૌધરીનું નામ લીધા વિના જણાવ્યું હતુ કે, જિલ્લાના એક નેતાથી પ્રજાજનોની સાથે ભાજપના કાર્યકરો પણ ત્રાસી ગયા છે. તેઓ મને ચૂંટણી લડવાની ચેલેન્જ આપે છે. પરંતુ આ વખતે આરોગ્ય મંત્રી તો શુ ખુદ મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલને પ્રજાજનો પરાજયનો સ્વાદ ચખાડશે. ત્યારે પ્રજા આગળ મંત્રીની શુ વિસાત તેમણે બનાસકાંઠામાં પુર બાદ સહાય વિતરણમાં થયેલા ભ્રષ્ટાચાર સહિતનો પ્રજા આ ચૂંટણીમાં બદલો લેશે તેમ પણ જણાવ્યું હતુ.

**સરકાર વિરૂધ્ધ અવાજ ઉઠાવવો પણ ગૂનો : સિધ્ધાર્થ પટેલ**

ગુજરાતમાં ભાજપના એકહથ્થુ શાસન છે. પાટણમાં દલિત છાત્રા ઉપર અત્યાચાર, બનાસકાંઠામાં પુરની સ્થિતિ બાદ ભ્રષ્ટાચાર, પાટીદાર યુવકોની ગોળીબાર કરી હત્યા જેવા અત્યાચાર થયા છે. સરકાર સામે અવાજ ઉઠાવો કે તરત જ તેમના ગૂનેગાર બની જઈએ દેશ દ્રોહી છો તેમ કહી જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવે છે.

**આ ચૂંટણી ભાજપ અને પ્રજા વચ્ચેની છે જેમાં કોંગ્રેસ પ્રજાની પડખે છે : ભરતસિંહ**

એક સમય એવો હતો કે, નરેન્દ્ર મોદી ગુજરાતમાં ભાગ્યે જ આવતા હતા. પરંતુ ચૂંટણીમાં હાર દેખાતા જ તેમના આંટાફેરા વધી ગયા છે. આમ પણ આનંદીબેનને મુખ્યમંત્રી બનાવ્યા બાદ પાટીદાર આંદોલન, ક્ષત્રિય આંદોલન દલિત આંદોલન શરૂ થતાં જનરલ ડાયર અમિત શાહે તાત્કાલિક આનંદીબેનને મુખ્યમંત્રી તરીકે હટાવી રબ્બર સ્ટેમ્પ વિજય રૂપાણીને મુખ્યમંત્રી બનાવ્યા છે. તેઓ પણ વહીવટમાં નિષ્ફળ ગયા હોઈ હવે ચૂંટણી જીતવા માટે નરેન્દ્ર મોદીએ તેમના મંત્રીમંડળની આખી ફોજ ગુજરાતમાં ઉતારી ઘરેઘરે ફરી રહ્યા છે.

## મોડાસામાં એક જ પરિવારના ૩ બાળકોને શંકાસ્પદ ડેન્ગ્યુથી પરિવારજનોમાં ફફડાટ

અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી દિવાળી બાદ શહેરી ડેન્ગ્યુના કેસમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે અને ત્યારબાદ ગ્રામ્ય વિસ્તારોમાં પણ દિવસે કરડતા મચ્છરોનું જોર વધતા ગ્રામ્યવિસ્તારોમાં પણ ડેન્ગ્યુના ભરડામાં સપડાય છે. જિલ્લામાં ડેન્ગ્યુ અને મલેરિયાના રોગના દર્દીઓની સંખ્યા વધુ હોવા છતાં સરકારી ચોપડે નોંધાતી નથી. સુપરસ્પેશિયાલિસ્ટ ખાનગી હોસ્પિટલો અને ખાનગી હોસ્પિટલો દ્વારા સરકારી ચોપડે ડેન્ગ્યુ અને મલેરિયાના દર્દીઓ નોંધવામાં પણ ઉદાસીનતા દાખવતા હોવાના લીધે સરકારી ચોપડે દર્દીઓના આંકડા પૂરતા પહોંચતા નથી. મોડાસાના મેઘરજ રોડ પર આવેલી જલદીપ સોસાયટીના એક પરિવારના ૩ બાળકો શંકાસ્પદ ડેન્ગ્યુમાં સપડાતા મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર હાથ ધરવામાં આવી રહી છે. જલદીપ સોસાયટીના રહીશોમાં ફફડાટ ફેલાયો હતો. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જલદીપ સોસાયટીમાં સર્વેની અને ફોગીંગની કામગીરી હાથ ધરવામાં આવે તેવી ઉગ્ર માંગ પ્રબળ બની છે.

મોડાસાના મેઘરજ રોડ પર આવેલી જલદીપ સોસાયટીમાં રહેતા અને મોડાસાની ખાનગી કોર્પોરેટ ફાઈનાન્સ ઓફિસમાં કામ કરતા પરપ્રાંતીય અધિકારીના ૩ બાળકો શંકાસ્પદ ડેન્ગ્યુમાં સપડાતા પરિવારજનો અને સોસાયટીના રહીશોમાં ફફડાટ ફેલાયો છે. સપ્તાહ પહેલા ગરિમા (ઉં.૧૫) પરિવારમાંથી ડેન્ગ્યુના લક્ષણો જણાતા મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર હાથ ધરાયી હતી. ત્યારબાદ અન્ય તેના ભાઈ-બહેન વિપુલ (ઉં.૧૬) અને શ્વેતા (ઉં.૧૬) ને પણ તાવ સાથે તબિયત લથડતા બંનેને મોડાસાના મેઘરજ રોડ પર આવેલી સુપરસ્પેશિયાલિસ્ટ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતા બંને બાળકોને શંકાસ્પદ ડેન્ગ્યુ ના લક્ષણો જણાતા તબીબોએ સારવાર હાથ ધરી હતી. એકજ પરિવારના ત્રણ બાળકો ડેન્ગ્યુમાં સપડાતા પરિવારજનોમાં ભય ફેલાયો હતો. પરિવારના મોભીના જણાવ્યા અનુસાર તેમના રહેણાંકની બાજુમાં ખાલી પ્લોટની ટાંકીમાં પાણી ભરાય રહેતા અને નજીક આવેલા કોમન પ્લોટમાં આવેલ પાણીના કૂવાના લીધે મચ્છરોનો ઉપદ્રવ વધતા તેમના બાળકો ડેન્ગ્યુમાં સપડાયા હોવાની ભીતિ વ્યક્ત કરી હતી. બીજી બાજુ જિલ્લા આરોગ્યતંત્ર એકજ પરિવારના ૩ બાળકો ડેન્ગ્યુમાં સપડાયા હોવાની બાબતથી અજાણ હોવાનું જાણવા મળ્યું હતું.

**જિલ્લા આરોગ્ય અધિકારી ડો. અમરનાથ વર્માના જણાવ્યા અનુસાર**

જિલ્લા આરોગ્યઅધિકારી ડૉ. અમરનાથ વર્મા સાથે ટેલિફોનિક વાત કરતા જણાવ્યું હતું કે મોડાસાના એકજ પરિવારના બાળકો ડેન્ગ્યુમાં સપડાયા હોય તેવી તેમની પાસે કોઈ માહિતી ઉપલબદ્ધ નથી અને જો ડેન્ગ્યુ હશે તો ખાનગી હોસ્પિટલ દ્વારા તેમને જાણ કરવામાં આવશે. તો તે વિસ્તારમાં આરોગ્યલક્ષી કામગીરી કરવામાં આવશે એક બાજુ આરોગ્ય અધિકારી ડેન્ગ્યુથી અજાણ છે. બીજી બાજુ તબીબ દ્વારા પરિવારના મોભીને હાલ સારવાર હેઠળ રહેલા બંને બાળકોને ડેન્ગ્યુ હોવાનું જણાવતા બંનેમાં સાચું કોણ ? તે જાણવું ખુબ જ જરૂરી બન્યું છે.

# પૂનઃ કમળક્રાંતિ માટે કામે લાગો : અમિત શાહ

## ડીસા ખાતે બનાસકાંઠા અને પાટણ જિલ્લાના શક્તિકેન્દ્રોના કાર્યકરોનો ભાજપ અધ્યક્ષે લીધો કલાસ

ડીસા, તા. ૧૨ ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થઈ ગયો છે ત્યારે ચૂંટણીના ચાણક્ય ગણાતા ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહ ખુદ મેદાનમાં ઉતર્યા છે. આજે અમિતભાઈ શાહે ડીસા ખાતે બનાસકાંઠા તેમજ પાટણ જીલ્લાના શક્તિકેન્દ્રોના કાર્યકરો સાથે બેઠક યોજી ચૂંટણીલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યુંહતું. આજે સવારે હવાઈ માર્ગે ડીસા આવી પહોંચેલા અમિતભાઈ શાહનું ડીસા એરપોર્ટ પર ઔપચારિક સ્વાગત કરાયા બાદ તેમનો કાફલો ડીસા હાઈ વે પરના ખાનગી પાર્ટીપ્લોટમાં આયોજિત બેઠકમાં હાજરી આપવા રવાના થઈ ગયો હતો. આ બેઠકમાં અમિતભાઈ શાહે બનાસકાંઠા અને પાટણ જિલ્લાના શક્તિકેન્દ્રના કાર્યકરો સાથે બેઠક યોજી આગામી વિધાનસભાની ચૂંટણીની રણનીતિ અંગે રૂપરેખા રજુ કરી કાર્યકરોને ચૂંટણીલક્ષી માર્ગદર્શન પૂરું પાડી બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં પૂનઃ કમળક્રાંતિ માટે કામે લાગી જવા આવહાન કર્યું હતું.જો કે ડીસાથી પાલનપુર જતા હાઈવે પર આવેલ ખાનગી પાર્ટી પ્લોટમાં યોજાયેલી આ બેઠક દરમ્યાન મીડિયા કર્મીઓને દૂર રાખવામાં આવ્યા હતા. આ બેઠક બાદ પાર્ટીપ્લોટના મેદાનમાં જ અમિતભાઈ શાહે કાર્યકરો વચ્ચે જાહેર સભા પણ યોજી હતી.

અમિતભાઈ શાહની બનાસકાંઠાની




આ મુલાકાત અંગે રાજ્ય સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે આગામી વિધાનસભાની ચૂંટણી દરમ્યાન ભારતીય જનતા પાર્ટી પુરા જોમ અને જુસ્સા સાથે મેદાનમાં ઉતરશે અને ભવ્ય વિજય હાંસલ કરશે.

આજે ડીસા ખાતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ સ્થાને યોજાયેલી બેઠકમાં ભાજપના પ્રદેશ પ્રભારી ભુપેન્દ્ર યાદવ, ભાજપના પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલ, ભીખુભાઈ દલસાનિયા, ભારત સરકારના મંત્રી હરિભાઈ ચૌધરી, ગુજરાત સરકારના મંત્રીઓ શંકરભાઈ ચૌધરી અને કેશાજી ચૌહાણ, ગુજરાત સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી, જીઆઈડીસીના ચેરમેન બળવંતસિંહ રાજપૂત સહિત અન્ય અગ્રણીઓ તેમજ કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં અમિતભાઈ શાહ પાસેથી ઉપયોગી માર્ગદર્શન મેળવ્યા બાદ સ્થાનિક અગ્રણીઓ તેમજ કાર્યકરોનો ઉત્સાહ ખૂબ વધી ગયો છે.



ભારતીય જનતા પાર્ટી ધ્વારા ગુજરાત ગૌરવ મહા સંપર્ક અભિયાન મીશન અંતર્ગત ભિલોડા તાલુકામાં ભાજપ હોદ્દેદારો, કાર્યકરોએ ઘરે-ઘરે જઈ લોક સંપર્ક કર્યો હતો. ભાજપના હોદ્દેદારો, કાર્યકરોને ઉષ્માભર્યો ઠેર-ઠેર આવકાર સાંપડ્યો હતો. આ પ્રસંગે ગુણવંતભાઈ ત્રિવેદી, ભીખાભાઈ પટેલ, કાંતીલાલ પટેલ, યોગેશભાઈ બુધ્ધ, રાજુભાઈ નિનામા, જગદીશભાઈ પટેલ, તેજસભાઈ પટેલ, વિક્રમભાઈ ઠાકોર સહિત ભાજપના હોદ્દેદારો, કાર્યકરો સહિત મહિલા કાર્યકરો ધ્વારા ઘરે-ઘરે જઈ લોક સંપર્ક દરમ્યાન ઉમળકાભેર આવકાર મળી રહ્યો છે.

# મોડાસાના સાંઈમંદિર નજીક બાંકડા પરથી પરિવાર વિહોણા પાંચ બાળકો મળતાં ટોળેટોળા ઉમટ્યા

## ૬ માસની બાળકી અને અન્ય નાનું બાળક રડતા ટોળામાંથી ૨ મહિલાઓએ બાળકીને સ્તનપાન કરાવતા માનવતા મહેકી : મોડાસા પોલીસે બાળકોના પિતાને શોધી બાળકો સોંપ્યા

અરવલ્લી, તા. ૧૨ અરવલ્લી જિલ્લાના



મુખ્યમથક મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલ સાઈબાબા મંદિર પાસે શુક્રવારે રાત્રીના ૯ વાગ્યાના સુમારે રહેલા બોકડા પરથી રડતા ૫ બાળકો નિસહાય હાલતમાં મળી આવતા અને તેના માતા-પિતા આજુબાજુ ના દેખાતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને ૫ બાળકોની મદદે સમાજસેવા સંસ્થાઓ પણ પહોંચી હતી. ૫ બાળકોમાં ૬ મહિનાની નાની બાળકી અન્ય નાનું બાળક ભૂખથી રડતા ઉપસ્થિત ટોળામાંથી ૨ મહિલાઓએ બંને બાળકોને પળનો વિચાર કર્યા વગર ખોળામાં લઈ સ્તનપાન કરતા બંને બાળકો શાંત થતા માનવતા મહેકી ઉઠી હતી. નિસહાય હાલતમાં ૫ બાળકો મળી આવ્યાની ઘટના વાયુ વેગે શહેરમાં પ્રસરતા સેવાકીય સંસ્થાઓના લોકો પણ દોડી આવ્યા હતા અને આ અંગે પોલીસ અને ૧૦૮ ઈમરજંસી એબ્યુલન્સને જાણ કરાતા બાળકોને સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા અને તાબડતોડ પોલીસ બાળકોમાં માતાપિતા અંગે શોધખોળ હાથધરી બાળકોના પિતાને શોધી ૫ બાળકો સોંપ્યા હતા. ૫ બાળકો નિસહાય હાલતમાં મળી આવતા નગરજનોમાં આ બાળકોને કોણ મૂકી જતું રહ્યું હશે તે અંગે તરહ-તરહની અફવાએ જોર પકડ્યું હતું.

### અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

ઊછળી હતી, એવું જ એમની કરમસદની સભામાં થયું હતું. હમણાં પટેલોના ગઢસમા સુરતના વરાછા રોડના મેદાન પર કૉંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની સભા થયા પછી એ સભામાં 'ભાજપ... ભાજપ'ના નારા લાગ્યાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરાયા, પણ જેમણે રાહુલની સભાને લાઈવ નિહાળી હતી, એમણે આવા નારા ક્યાંય સાંભળ્યા નહોતા! આનો અર્થ બહુ સ્પષ્ટ છે કે પાછળથી રાહુલની સભાના વીડિયોમાં 'કરામત' કરીને એ નારા ઘૂસાડવામાં આવ્યા હતા.આ વેળાની ચૂંટણીમાં સોશિયલ મીડિયા પર વાયરલ થતા બનાવટી વીડિયો કે અન્ય સંદેશાઓને પડકારવાનું કામ ટીવી ચેનલો તથા વિવિધ ગ્રુપ કરી રહ્યા છે એટલું જ નહીં, કૉંગ્રેસ અને ભાજપનાં આવાં ગ્રુપ એ વાયરલ સંદેશાઓનું નીરક્ષીર કરીને પ્રજા સમક્ષ ખોટા સંદેશા જતાં રોકે છે. સત્તારૂઢ પક્ષની નેતાગીરી મીડિયાને અંકુશમાં લાવવાની કોશિશ કરવા પ્રયત્નશીલ હોવા છતાં આંદોલનકારીઓની સભામાં સત્તાધીશોની સભા કરતાં વધુ મેદની ઊમટે છે.આવા સંજોગોમાં ટીવી માધ્યમો પણ જે તે આંદોલનકારીની સભાનું જીવંત પ્રસારણ ભલે ટાળે, પણ સમાચારમાં તો એને સ્થાન આપે છે. પ્રજા સમજુ છે.

**જનજાગૃતિ લોકશાહીને મજબૂત કરશે**

સત્તાધીશો કે વિપક્ષો થકી આરોપ-પ્રત્યારોપનો માહોલ ચરમસીમા ભણી આગળ વધી રહ્યો છે. રાજકીય નેતાઓ મુદ્દાની અને તથ્યોની વાત કરવાને બદલે લોકો ભાવાવેશમાં આવીને મતદાન કરે એવા મુદ્દા ઉછાળવા પ્રયત્નશીલ છે, છતાં પ્રજા નીરક્ષીર કરવા માંડી છે. ટીવી ચર્ચાઓમાં મુદ્દાની ચર્ચાને ગુજરાતના બે દાયકાના શાસન પર કેન્દ્રિત રાખવાને બદલે કાશ્મીર કોકડા કે આતંકવાદ પર લઈ જવાની કોશિશો થાય છે. કૉંગ્રેસના અગાઉના દાયકાઓના ભ્રષ્ટાચારની વાતો થાય છે, પણ રાજ્યમાં બે દાયકાના ભાજપી શાસન અને કેન્દ્રમાં સાડા ત્રણ વર્ષના ભાજપી શાસન છતાં દોષિતોને દંડિત કેમ કરાતા નથી એવા પ્રશ્નો પ્રજા ઊઠાવવા માંડી છે. ઉલટાનું જે ભ્રષ્ટ કૉંગ્રેસી રાજનેતા ભાજપમાં જોડાય એને જાણે પવિત્રતાના પારસમણિનો સ્પર્શ થઈ જતો હોય એમ એને હોદ્દા અપાય છે. પ્રજા સમજુ થઈ રહી છે. લોકશાહી પરિપક્વ થઈ રહી છે. ભાજપમાં નહીં જોડાતા પણ કૉંગ્રેસમાં જોડાનારા આંદોલનકારીઓને કૉંગ્રેસના ઈશારે આંદોલન કરનારા લેખવાની પરંપરાની પોપટવાણી પ્રજા સમજે છે. ગુજરાતમાં વિકાસની બ્લુ-પ્રિન્ટ શું કે છેલ્લા ૨૦ વર્ષ દરમિયાનની ચૂંટણીઓ માટેના ચૂંટણીઢંઢેરામાં શાં વચનો અપાયા અને કેટલાં વચનો પળાયાં, કેટલાને રોજગારી અપાઈ, કેટલું મૂડીરોકાણ આવ્યું, ટાટાને નેનો પ્લાન્ટ શરૂ કરવા મફતના ભાવે ૩૫ હજાર કરોડ રૂપિયાની લોન કેમ અપાઈ વગેરે વગેરે પ્રશ્નોના મુદ્દાસરના જવાબ આપવાનું સત્તાપક્ષને ફાવતું નથી. તેમનો એક જ ઉત્તર જોવા મળે છે: 'કૉંગ્રેસને આવું પૂછવાનો કે અમારો હિસાબ માગવાનો અધિકાર નથી.' લોકશાહીમાં વિપક્ષને પ્રશ્ન પૂછવાનો અધિકાર ના હોય, સત્તાપક્ષને ઉત્તર વાળવાની અને એ સાચો ઉત્તર વાળવાની તમા ના હોય, તો આવી લોકશાહીનો અર્થ શો? સદનસીબે ગુજરાતની પ્રજા પ્રશ્ન પૂછતી થઈ છે, જાગતી થઈ છે એટલે જ લોકશાહી ટકવાની છે.

-haridesai@gmail.com

### બે જ સ્લેબ ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૮ ટકાના બે સ્ટાન્ડર્ડ રેટ્સ સુધી જીએસટીને મર્યાદિત કરવાની યોજના છે. હકીકતમાં ટેક્સ સ્લેબમાં કાપને લઈને કેન્દ્ર સરકારમાં ભય છે. આના કારણે રેવેન્યુમાં નોધપાત્ર ઘટાડો થશે. આજ કારણસર ૨૮ ટકાની લિસ્ટને નાની કરવા માટે ગુવાહાટી કાઉન્સિલ સુધીની બેઠકનો સમય લાગી ગયો હતો. ભાજપના નેતૃત્વવાળા રાજ્યોના નાણાંપ્રધાન માને છે કે ઉંચા ટેક્સ દરના કારણે જીએસટીની છાપ ખરાબ થઈ ગઈ છે. સાથે સાથે લોકોના મનમાં ખોટી ધારણા બનવા લાગી ગઈ છે.

### પદ્માવતી ફિલ્મ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જૌહરકી જવાલા હે બહોત કુછ જલેગા... આગામી તા.૧ ડિસેમ્બરના રોજ પદમાવતી ફિલ્મ રિલીઝ થશે તો આગામી સમયમાં અમદાવાદનું જીએમડીસી ગ્રાઉન્ડ પણ રાજપૂત સમાજના ભાઈ બહેનો માટે નાનું પડશે તેમજ જરુર પડશે તો કરણી સેનાએ ગુજરાત તેમજ ભારત બંધના એલાનની પણ ચિમકી ઉચ્ચારી છે.

રાજપૂત સંમેલનને વિવિધ સમાજ તેમજ સંગઠનોએ સમર્થન જાહેર કર્યું છે. સભા સ્થળે ૧૨ વાગતા જ સમગ્ર રાજપૂત સમાજના ભાઈ બહેનોથી રામકથા મેદાન ખીચોખીચ ભરાઈ ગયું હતું. મા-દિકરીઓના સ્વાભિમાનની જે વાત કરશે તે લોકોને જ સમર્થન આપવામાં આવશે તેવો હુંકાર પણ કર્યો હતો. ફિલ્મને સર્ટીફિકેટ સરકાર કે કોર્ટ નહી સમાજ આપશે. આ પ્રસંગે કરણી સેનાના આગેવાન લોકેન્દ્રસિંહ કાલ્વી, મહિપાલસિંહ મકરાણા, જિતેન્દ્રસિંહ, વિશ્વબંધુસિંહ રાઠોડ, હિતેન્દ્રસિંહ, કમલેન્દ્રસિંહ, તેમજ રાજયના વિવિધ જિલ્લાઓમાંથી પધારેલા રાજપૂત સમાજના આગેવાનો અને ગાંધીનગર શહેર રાજપૂત સમાજના પ્રમુખ શંકરસિંહ રાણા, ડે.મેયર દેવેન્દ્રસિંહ ચાવડા,જયરાજસિંહ વાઘેલા, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, રમજુભા જાડેજા, સુશીલાબા જાડેજા, કૃષ્ણબા પરમાર, સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને રાજપૂત સમાજના સંમેલનને સફળ બનાવ્યું હતું.

### વાવણીનો માહોલ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં આ વખતે શાકભાજીના પાકોનું વાવેતર સારૂ નોંધાયુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૪૮૧ હેક્ટરમાં શાકભાજીના પાકોનું વાવેતર નોંધાયુ છે. આ ઉપરાંત ઘાસચારાનું વાવેતર ૪૯૦૦ હેક્ટર વિસ્તારમાં નોંધાયું છે.

મળતી વિગતો પ્રમાણે પ્રયોગશીલ ગણાયેલ જિલ્લાના ખેડૂતોએ આ વખતે ચણાની ખેતીને વધુ પ્રાધાન્ય આપ્યુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૪૪ હેક્ટર વિસ્તારમાં આ પાકનું વાવેતર થયુ છે અને હજુ આગામી દિવસોમાં તે વધશે તેવા અંદાજો છે.

જિલ્લામાં ફેર રોપણીના પાકોનું પણ વાવેતર પણ સારૂ એવુ જણાયુ છે. તમાકુના પાકનું વાવેતર ૮૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં નોંધાયુ છે. આ ઉપરાંત વરિયાળીના પાકનું પણ ૫૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર નોંધાયુ છે.

જિલ્લામાં રાઈના પાકનું પણ ૬૫૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર નોંધાયુ છે. આમ પ્રતિકૂળ હવામાનને પગલે જિલ્લાની પરંપરાગત ખેતીની પેટર્નમાં બદલાવ જોવા મળી રહ્યો છે.